## જન્મદિને વધામણી



ભાવેશકુમાર ગોવિંદભાઈ પરમાર
મો. ૭૮૦૧૮ ૮૭૫૫૬




શાંતિભાઈ એમ ગણાત્રા
હિસાબનીશ, શ્રી ગોવર્ધન નાથજીની હવેલી, સે. ૨૧
ફોન : ૨૩૨૨૦૪૨૮



ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૮૪૦૧૩ ૪૫૭૦૦



શ્રેયાંશ મનોજકુમાર બેલાણી
મો. ૯૯૨૪૦ ૪૬૫૧૫



ગજેન્દ્રસિંહ બારડ



વિનય મહેશકુમાર પરમાર
મો. ૯૭૨૩૫ ૧૧૪૧૫



ધાર્મિક પટેલ




વિવેક મહેશકુમાર પરમાર
મો. ૯૭૨૩૫ ૧૧૪૧૫



શ્યામ પરમાર



વિશ્વા મનીષભાઈ પટેલ
મો. ૯૯૯૮૮ ૯૦૩૯૫



શિવમ રાઠોડ



પાર્થ ભરતભાઈ જોષી
મો. ૭૦૪૮૪૮૭૨૪૩



દેવિન ઓડેદરા



જલ્પાબેન જિજ્ઞેશ શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧



ગુણિયલ પટેલ



જુગલ હાર્દિક જોષી
મો. ૮૭૩૩૮ ૨૬૭૧૦



મુદસ્સર અકબરી

# પુસ્તક પરબમાં ગીત-સંગીત સાથે સાહિત્યનો પ્રચાર







ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે યોજાતી પુસ્તક પરબ માટે આજનો દિવસ વિશિષ્ટ હતો. દરેક મુલાકાતીને બે પુસ્તક અને બે મૅગેઝીન મફત આપવાના સાહિત્યના આ કાર્યમાં આજે સંગીતના સૂરો રેલાયા હતા.

૯૪.૩ માય ઍફઍમનાં પ્રખ્યાત આરજે આરતી આજે પુસ્તક પરબના મહેમાન બન્યાં હતાં. એમની સાથે એમનું મ્યુઝિક બૅન્ડ પણ હતું. આરજે આરતીએ 'સાડલાની સુગંધ' વાર્તા કહી હતી જે સાંભળીને ત્યાં ઉપસ્થિત લગભગ સૌની આંખો ભીંજાઈ ગઈ હતી. સિંગર અંકિતે નવાં-જૂનાં ગીતો સાથે રંગ જમાવ્યો તો સાથે ત્યાં ઉપસ્થિત લોકોને પણ ગીતો ગવડાવ્યાં હતાં.

આજની આ પુસ્તક પરબમાં જી શ્રી સાયકલ ક્લબની સાયકલ રેલી પૂર્ણ કરીને ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હંસાબેન મોદી અને ગુડાના ચૅરમૅન આશિષ દવે પણ પુસ્તક પરબની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યાં હતાં. વિવિધ શાળાનાં બાળકો અને અન્ય આરજે આરતીને મળવા અને એની સાથે ફોટોગ્રાફ લેવા આવતાં પુસ્તક પરબ ઓવરક્રાઉડેડ થઈ ગઈ હતી. મેયર હંસાબેને પણ 'કભી કભી મેરે દિલ મેં...' ગીત ગાઈને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. આજના આ કાર્યક્રમમાં રેડિયો ટીમને લાવવામાં અમાની ગૃપના જિજ્ઞેશ દાણી અને સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતનો પરિશ્રમ કામ કરી ગયો. જૂનાં-નવાં ગીતો સાથે દરેકને બે પુસ્તક મફત આપવાનો પ્રયાસ સૌને ગમી ગયો. પુસ્તક પરબને ધમધમતી કરવા અને ગુજરાતી સાહિત્યનો પ્રચાર કરવા પ્રજ્ઞાબેન પટેલ, કિશોર જીકાદરા, અશોક ત્રિવેદી, આશા સરવૈયા, સંજય થોરાત, દિશાન્ત ગર્ગ, રણછોડ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રોહા પરમાર વગેરે સ્વૈચ્છિક સેવાઓ આપે છે. પુસ્તક પરબ માટે અને પુસ્તક પ્રેમ માટે વિશાલ થોરાતે ગાયેલું ગીત ખરેખર યથાયોગ્ય જ હતું : 'પહેલા પહેલા પ્યાર હૈ, પહેલી પહેલી બાર હૈ...'

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦

**સ્ક્રીન-૫**
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

# ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમના સભ્યો હેમ રેડિયો તાલીમમાં સફળ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ દ્વારા કુદરતી હોનારતના સમયે સંદેશાવ્યવહારના હેતુસર તાલીમબદ્ધ સભ્યો તૈયાર રાખવાના હેતુસર હેમ રેડિયોની તાલીમ સભ્યોને આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ જેટલા પદાધિકારી સહિત વોર્ડન્સને તાલીમબધ્ધ કરી તેમને પરીક્ષા અપાવવામાં આવી હતી, જે સૌ સભ્યો આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

નાગરિક સંરક્ષણ એકમના નાયબ કંટ્રોલર રાઠોડ તથા ચીફ વોર્ડન અરૂણ બુચના માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી ચીફ વોર્ડન દિક્ષીત પટેલ, ડિવિઝનલ વોર્ડન અંજના નિમાવત સહિત કૌશલ જાની, મહાવીર નિમાવત, નીરવ દેસાઈ, સતિષભાઈ પટેલ, કનકસિંહ પરમાર, રણધિરસિંહ મકવાણા, અજય ઠાકોર, મુકેશ ઠાકોર, જયમલસિંહ ઝાલા, પૃથ્થક ઠક્કર, દિપ પટેલ, આશુતોષ કુમાર દ્વારા આ પરીક્ષા પાસ કરવામાં આવી છે.

ભારત સરકારના સંદેશા વ્યવહાર મંત્રાલય હેઠળ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા વાયરલેસ મોનિટરીંગ ઓર્ગેનાઈઝેશન દ્વારા લેવાતી પરીક્ષા અને તાલીમમાં ગાંધીનગરના ઈન-ચાર્જ પીઆઈ વાલેરાના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ નાગરિક સંરક્ષણ એકમના આ વોર્ડન્સ હવે જરૂર પડે ત્યારે સેવાઓ માટે ઉલબ્ધ થશે. આ તમામ સભ્યોને પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ, કલેક્ટર રવિ શંકરના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમને શુભેચ્છાઓ આપતાં મહાનુભાવોએ જરૂરિયાતના સમયે ઉપલબ્ધ રહેવા અને નાગરિક સંરક્ષણનો સંદેશો લોકો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

# જિલ્લા વિશિષ્ટ ખેલ મહાકુંભમાં વિશિષ્ટ દૃષ્ટિ વિદ્યાર્થીઓ ઝળક્યા



ઝીલ યજ્ઞેશકુમાર ભાવસાર



ધર્મિષ્ઠાબેન રાવળ



સિધ્ધરાજ ભવાનજી ઠાકોર



રાકેશ બદાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૬

જિલ્લા કક્ષાનો વિશિષ્ટ ખેલ મહાકુંભ તાજેતરમાં યોજાયો હતો, જેમાં ભાગ લઈને વિશિષ્ટ દૃષ્ટિ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં.

શ્રી બી જે શાહ હાઈસ્કૂલ, સાદરાનાં વિદ્યાર્થીની ધર્મિષ્ઠાબેન રાવળે બરછી ફેંકમાં પ્રથમ અને ગોળા ફેંક તથા ચક્ર ફેંકમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ના વિદ્યાર્થી સિધ્ધરાજ ભવાનજી ઠાકોરે ચક્ર ફેંક અને બરછી ફેંક બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. બા શ્રી વસંતકુંવરબા ઍન સોલંકી કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થીની ઝીલ યજ્ઞેશકુમાર ભાવસારે બરછી ફેંક અને ગોળા ફેંક બંને સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શ્રી વી જે દવે હાઈસ્કૂલ, દહેગામના વિદ્યાર્થી રાકેશ બદાજી ઠાકોરે લાંબી કૂદની સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તમામ વિદ્યાર્થીઓને તેમની સંબંધિત શાળાઓએ પોતાનું ગૌરવ ગણાવી તેમની આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા છે.

# આજે ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસ કૅરમ ટુર્નામૅન્ટ

ગાંધીનગર, તા. ૬

ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસ કૅરમ ટુર્નામૅન્ટનું આયોજન આજે સચિવાલય જીમખાના ખાતે કરવામાં આવ્યું છે.

ટુર્નામૅન્ટના ઑર્ગેનાઈઝીંગ સૅક્રેટરી જી પી પટેલ અને ચૅરમૅન જ્વલંત ત્રિવેદીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે સચિવાલય વેલ્ફેર કમિટી અને કેન્દ્રીય સિવિલ સર્વિસ કલ્ચરલ અને સ્પૉર્ટ્સ બૉર્ડના સંયુક્ત ઉપક્રમે આ કૅરમ ટુર્નામૅન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે ૯.૩૦ કલાકે આ સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે, જેમાં મુખ્ય અતિથિ તરીકે રાજયના મુખ્ય સચિવ જી આર અલોરિયા તથા અતિથિ વિશેષ તરીકે સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકિમ ઉપસ્થિત રહેશે. કેન્દ્ર સિવિલ સર્વિસના પ્રતિનિધિ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને પોતાનું વક્તવ્ય આપશે.

# જિલ્લાકક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં ડભોડાની ઍમ ઍચ વિદ્યામંદિર પ્રથમ

ગાંધીનગર, તા. ૬

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર આયોજિત જિલ્લાકક્ષાની રોલપ્લે સ્પર્ધામાં ડભોડાની શ્રી ઍમ ઍચ વિદ્યામંદિરની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. 'રક્તદાન મહાદાન' થીમ પર આ ટીમ દ્વારા રોલ પ્લેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ વિજેતા ટીમમાં જનક બિહોલા, અવની પટેલ, ભૂમિ પટેલ, સોનાલી કવિ, અંજના ડામોર સામેલ હતાં, જેમને શિક્ષક સંગીતાબેન, સરિતાબેન અને કામિનીબેનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકોને આચાર્ય, શાળા પરિવાર તથા કેળવણી મંડળના પ્રમુખ તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગુંજન લાફિંગ કલબનો ૨૧મો વાર્ષિકોત્સવ સંપન્ન

## સૅક્ટર-૨૦, ૨૨, ૨૭ અને ૨૮ની લાફિંગ ક્લબના સભ્યો સપરિવાર ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૬

હાસ્ય દ્વારા સ્વાસ્થ્યના સંધાનની સાધના કરતી ગુંજન લાફિંગ ક્લબે ગાંધીનગરમાં ૨૦ વર્ષ પૂર્ણ કર્યાં છે. ક્લબનો ૨૧મો વાર્ષિકોત્સવ તાજેતરમાં સંપન્ન થયો હતો.

સૅક્ટર-૨૮ ખાતે આયોજિત આ વાર્ષિકોત્સવમાં સૅક્ટર-૨૦, ૨૨, ૨૭ અને ૨૮ની લાફિંગ ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે લાફિંગ ક્લબમાં નવા સભ્યોને જોડવાના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. પ્રમુખ મનહરભાઈ શાહે ઉત્સવમાં ઉપસ્થિત સૌ સભ્યો અને તેમના પરિવારજનોને આવકાર્યા હતા.

# યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ દ્વારા મહિલા દિને રેલી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ દ્વારા તા. ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન'' નિમિત્તે મહિલાઓના અધિકારો બાબતે લોક જાગૃતિ ફેલાવવાના આશયથી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીને પૂર્વ ન્યાયાધીશ ડૉ. જ્યોત્સના યાજ્ઞિક, પ્રો. ઉર્વિ શાહ, ડૉ. આનંદીબેન પટેલ તથા શાંતિ સંશોધન કેન્દ્રના ડૉ. પુષ્પાબેન મોતિયાણી દ્વારા લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવાશે.

# પૂ. રવિશંકર મહારાજનાં સંભારણાં

મારી ઉગતી કિશોરાવસ્થામાં મારા ગામ ખાતે ૧૯૪૮માં પૂ. રવિશંકર મહારાજનાં પ્રથમ દર્શન થયેલાં. મારો પણ આ નાની વયે મોટા માનવ સમુદાય સાથે રહેવાનો પહેલો પ્રસંગ હતો. સ્વતંત્રતા પ્રાપ્તિ પછીના આ બીજા જ વર્ષે પૂ. મહારાજની સાથે તે સમયના કોંગ્રેસના આગેવાનો ભોગીલાલ લાલા, અજૂનલાલ, ગુજરાતના છેવાડાના અને અત્યંત પછાત વિસ્તારની પરિસ્થિતિની સમીક્ષા કરવા અને આ વિસ્તારમાં વારંવાર સર્જાતી અછતની પરિસ્થિતિ. પીવાના પાણીની સમસ્યા અને ગ્રામ વિસ્તારોમાં દારૂણ ગરીબી જેવા પ્રશ્નોને સમજવા અને તેના ઉકેલ માટે કેવાં પગલાં લઈ શકાય તે માટે મારા ગામના ગ્રામજનો સાથેની આ બેઠક યોજાઈ હતી.

મારા સ્વ. પિતા લક્ષ્મીરામભાઈ ઠક્કર ગાંધીરંગે રંગાયેલા હતા. હતા તો કાપડના નાના વેપારી, પરંતુ તેમને માનવસેવાનો રંગ લાગ્યો હતો.

પૂ. રવિશંકર મહારાજે આ વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે નિર્ણય કરી લીધો અને આ વિસ્તારમાં તેમના માર્ગદર્શન માટે કૂવા કરાવવા, તળાવ ઊંડા કરાવવા, ગરીબો માટે ઓછી કિંમતના અનાજનું વિતરણ વગેરે કામો હાથ ધરવાની યોગ્યતા મારા સ્વ. પિતાજીમાં દેખાતાં પૂર, વાવાઝોડું, તળાવો ઊંડા કરાવવા, જ્યાં ભૂતળમાં પાણી પ્રાપ્ત થાય તેવું જણાય ત્યાં બોરિંગ કરાવવાનું કામ તેમના પ્રતિનિધિ તરીકે હાથ ધરવા માતા પૂ. પિતાજીને સોંપ્યું. લગભગ ૨૦ વર્ષ સુધી આ કામગીરી ચાલુ રહી અને આ વિસ્તારમાં પૂ. રવિશંકર મહારાજના માર્ગદર્શન નીચે અનેક ગામોમાં કૂવાની સગવડ થઈ, બોરિંગો થયાં, તળાવો ઊંડા કરાયા, વાવાઝોડા જેવા પ્રસંગે અસરગ્રસ્તોના પુનર્વસન માટેની વ્યવસ્થા કરાવી અને છેવાડાના માનવી સુધી આ સગવડો પહોંચે તેની ખાતરી કરવા બળદગાડામાં કે ચાલીને પ્રવાસ કરીને પણ મારા પિતાજી કાળજી રાખતા. આ નિમિત્તે પૂ. મહારાજ અમારા નિવાસે વારંવાર આવવાનું ગોઠવતા. મહારાજનો ખોરાક અત્યંત સાદો, કુટુંબમાં સરળતાથી ભળી જવાની તેમની આત્મિયતા, કુટુંબના દરેક સભ્યને તેના નામથી સંબોધવાનો તેમનો વિશિષ્ટ ગુણ અમારા જીવનમાં ઉતારવા પણ અમે પ્રયાસ કર્યો છે. મારી પત્નીએ વર્ષો પહેલાં તેમને ગરમાગરમ રોટલી ખવડાવેલી, એ ૫૦ વર્ષ પછી પણ એમને યાદ હતું એ જાણીને મને અનહદ આશ્ચર્ય થયેલું ને આનંદ પણ. પૂ. મહારાજે અમારા સમગ્ર પરિવાર ઉપર તેમની કૃપાદૃષ્ટિ રાખી અને અમારા સમગ્ર પરિવારને તેમના બૃહદ સભ્ય તરીકે સ્વીકાર્યા તેમાં તેમની મહાનતા છે અને અમારા માટે અત્યંત નમ્ર બની તે સ્થાન સ્વીકારવાનું બન્યું છે, તે અમારી અનેક પેઢીઓ સુધી ગૌરવનો વિષય બની રહેશે.

**- અમૃતલાલ ઠક્કર**



# આજે પણ મારા પિતા યાદ આવે ત્યારે મારી આંખો વરસી પડે છે

**સંવેદના**
**મારા પપ્પા એટલે મારા પપ્પા**

મારા પપ્પાને અમે કાકા કહેતા. મારું ગામ મૂળ મહેસામા જિલ્લાનું પરંતુ હાલ શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામ.

બોરીજમાં આવતાં પહેલાં (પપ્પાને હું બાપા કહીશ) બાપાએ અમદાવાદમાં શહેરી જીવન જીવેલું. ગાંધીનગરમાં આવ્યા બાદનો મારો જન્મ. બાપા એક અસરગ્રસ્ત ખેડૂત.

જમીન, પાણી, હવા, વનસ્પતિ અને ઢોરઢાંખર સાથેનો તેમનો નાતો. ગ્રામ્યજીવનમાં શહેરીજીવની વાતો કરતાં લોકો દિગ્મૂઢશા તેમની સામે જોતાં હસતાં તો બાપા પણ હસતાં. પરંતુ આ બાહ્ય-આંતર હાસ્યનો ફરક હતો, મર્મ હતો. એ મર્મ તેમના સહવાસ અને અક્ષરજ્ઞાન થકી મારામાં ઊતરેલો અનુભવું છું.

મારા અનુસ્નાતક અભ્યાસે નોકરી ન મળતાં તેઓ મને કહેતા, 'બેટા, નોકરી જરૂર મળશે', બાકીના શબ્દો તેમનો હાથ મારા બરડાને પસવારતો રહેતો.

નોકરી મળ્યા પછી તેઓ પૂછતાં રહેતાં, 'નોકરીમાં એક વર્ષ ક્યારે પૂરું થાય છે ?' નોકરી પહેલાં જ મારાં લગ્ન અને ત્યારબાદ પુત્રીનો જન્મ અને પછી મારા અર્ધાંગિનીએ કરાવેલું કુટુંબનિયોજન. બાપાએ દીકરી અને પત્ની બંનેને સાચવ્યાં હતાં. બાપા શ્વેત વસ્ત્રધારી. તેવું જ સાદું ખાણું અને એકલા બેઠાં કંઈક શોધતા હોય તેમ. નોકરીમાં મારું વર્ષ પૂરું થયેલું. ક્રમશઃ તમામ આંતરબાહ્ય જરૂરિયાતો ઘટાડી દીધેલી. છેલ્લે ઘરના સૌને જમાડી તેઓ નિજત્વમાં એકત્વ પામેલા. ત્યારે છેલ્લે એક જ કહેવાનું મન થાય છે : 'જય શંકર ભોલે'. (પિતાજીનું નામ શંકરભાઈ હતું).

**- મૌલિક શંકરભાઈ બોરીજા, બોરીજ**

પિતા પોતાના સંતાનના ઘડતરમાં પોતાની જાત નિચોવી નાખીને સંતાનને સારી માનવતાના પાઠ શીખવી શકે છે. મારા પિતા પણ એનું સાક્ષાત ઉદાહરણ હતા.

સ્વચ્છતા, સ્વાશ્રય અને સ્વાવલંબનના પાઠ શીખવીને મને મોટી કરી. લાડ પ્યારથી મારી ઈચ્છાઓને પ્રોત્સાહિત કરતા રહ્યા. સાથોસાથ ઈમાનદારી અને સત્યતા ઉપર ભાર મૂકતા હતા.

મારા કામમાં ભૂલ થાય તો શાંતિથી સમજાવે, સારા કાર્યથી રાજીપો વ્યક્ત કરે અને મર્માળુ હસતા-હસતા મીઠો ઠપકો પણ આપે. પણ હું સમજી જતી કે આ તો મારા પિતાનો ઠાલો ગુસ્સો છે. અંદરખાને તો મારા કાર્યના છૂપા પ્રશંસક જ છે.

આજે પણ મારા પિતા યાદ આવે છે ત્યારે આંખો વરસી પડે છે. બસ, મારા પિતા એટલે મારા પિતા; એમનું મૂલ્ય ન જ થઈ શકે.

**- કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**